પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૬૪ | ૧૫ મે, ૨૦૧૭, સોમવાર ; વૈશાખ વદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# સરહદ પર પાક.નો ભીષણ ગોળીબાર

## પાકિસ્તાન દ્વારા કરાયેલા ગોળીબારનો ભારતીય સેના દ્વારા જડબાતોડ જવાબ અપાયો : સાત ગામોને ટાર્ગેટ બનાવીને ગોળીબાર : સેંકડો મકાનોને નુકસાન



જમ્મુ,તા. ૧૪

જમ્મુ કાશ્મીરના રાજૌરી સેક્ટરના ચિટી બકરી વિસ્તારમાં અંકુશ રેખા પર પાકિસ્તાની સેનાએ આજે પણ ભીષણ ગોળીબાર કર્યો હતો. પાકિસ્તાન તરફથી કરવામાં આવેલા ગોળીબારનો ભારતીય સેનાએ જોરદાર જવાબ આપ્યો હતો. છેલ્લા ચાર દિવસથી પાકિસ્તાન દ્વારા કરવામાં આવી રહેલા ગોળીબારના કારણે સરહદ પર ખુબ વિસ્ફોટક સ્થિતી પ્રવર્તી રહી છે. સંરક્ષણ મંત્રાલયના પ્રવકતાએ માહિતી આપતા કહ્યુ છે કે પાકિસ્તાની સેનાએ રાજૌરી સેક્ટરમાં અંકુશ રેખા પર અમારી ચોકીઓને ટાર્ગેટ બનાવીને અંધાધુધ ગોળીબાર કર્યો હતો. પાકિસ્તાની સેના દ્વારા નાના હથિયારો, મોર્ટાર અને અન્ય હથિયારોનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. સંરક્ષણ મંત્રાલયના પ્રવકતા લેફટી. કર્નલ મનિષ મહેતાએ કહ્યુ હતુ કે અમારા જવાનો યોગ્ય જવાબ આપી રહ્યા છે. પાકિસ્તાન દ્વારા વારંવાર યુદ્ધવિરામનો ભંગ કરાઈ રહ્યો છે. સરહદ ઉપર આવેલા સાત ગામોને ટાર્ગેટ બનાવીને આજે ગોળીબાર કરવામાં આવ્યો હતો. ગઈકાલે બે નાગરિકોના મોત થઈ ગયા હતા. પાકિસ્તાન તરફથી કરવામાં આવેલા ગોળીબારમાં સેંકડો

● અનુસંધાન પાના ૭ પર

## આજે ફરી વાર ગ્લોબલ સાયબર એટેકની દહેશત

લંડન, તા. ૧૪

વિશ્વના ૧૦૦થી પણ વધુ દેશોમાં સાયબર હુમલા થયા બાદ હજુ પણ આ ખતરો સંપૂર્ણપણે ટળ્યો નથી. જાણકાર નિષ્ણાતોનું કહેવું છે કે, આવતીકાલે સોમવારે પણ વૈશ્વિક સ્તરે આગામી સાયબર હુમલા થઈ શકે છે. શુક્રવારના દિવસે ૧૨૫૦૦૦ કોમ્પ્યુટ સિસ્ટમ સાયબર હુમલાના કારણે ઠપ થઈ ગઈ હતી અને આ સિસ્ટમ અસરગ્રસ્ત થઈ હતી. સિક્યુરિટી રિસર્ચરનું કહેવું છે કે, ગ્લોબલ સાયબર એટેકનો ખતરો હજુ સંપૂર્ણપણે ટળ્યો નથી. રેનસમવેર એટેકના પરિણામ સ્વરુપે વિશ્વના દેશો હચમચી ઉઠ્યા હતા. સ્પેન, ફ્રાંસ અને રશિયા સહિતના ૧૦૦થી પણ વધુ દેશોમાં ઉપયોગી સેવા ઠપ થઈ ગઈ હતી. ખંડણી વસુલવાના ઈરાદા સાથે અપરાધીઓ દ્વારા આ પ્રકારના હુમલાઓ કરવામાં આવે છે. આ પ્રકારના વાયરસ યુઝરોની ફાઈલો ઉપર અંકુશ મેળવી લે છે. ઈંગ્લેન્ડમાં ૪૮ જેટલા નેશનલ હેલ્થ સર્વિસ સકંજામાં આવી ગયા હતા. જ્યારે સ્કોટલેન્ડમાં ૧૩થી વધારે નેશનલ હેલ્થ સર્વિસ ટ્રસ્ટ સકંજામાં આવી ગયા હતા. ઘણી બધી હોસ્પિટલોને ઓપરેશન રદ કરવાની અને એપોઈન્ટમેન્ટ રદ કરવાની ફરજ પડી હતી. કોમ્પ્યુટર વાયરસના કારણે હાલત કફોડી બની હતી. હજુ આ ખતરો ટોળાઈ રહ્યો છે. શુક્રવારના દિવસે ઉપયોગ કરવામાં આવેલા રેનસમવેર હુમલા માટેના જવાબદાર લોકોને શોધી કાઢવા માટે રાતદિવસ એક કરી રહ્યા છે. વિશ્વના દેશો આ પ્રકારના ખતરનાને લઈને હવે ચોંકી ઉઠ્યા છે. અત્રે નોંધનીય છે કે, રેનસમ વેર સાયબર એટેકના કારણે શુક્રવારે વિશ્વભરમાં ખળભળાટ મચી ગયો હતો.

## નક્સલવાદી અડ્ડા પરથી ૨૦૦ કિલો વિસ્ફોટકો ઝડપાયા

રાંચી, તા. ૧૪

સીઆરપીએફ અને ઝારખંડ પોલીસે મોટુ ઓપરેશન પાર પાડીને જંગી પ્રમાણમાં મોતનો મસાલો કબજે કરી લીધો છે.

ઝારખંડના લોહારડંગાના વન્ય વિસ્તારમાં નક્સલવાદીઓના શસ્ત્રાગારનો પર્દાફાશ કરવામાં આવ્યો છે. અહીંથી જુદા જુદા કેબિલરના ૧૦-૧૦ દારુગોળાનો જથ્થો જપ્ત કરાયો છે. આ ઉપરાંત ૫૧૦૦ ડિટોનેટર્સ, ૨૦૦ કિલોગ્રામ વિસ્ફોટક સામગ્રી, ૨૧૬૦૦ ફૂટ લાંબા કોર્ડેક્ષ વાયરનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે.

સુરક્ષા દળોએ ઝારખંડમાં નક્સલવાદીઓ સામે આક્રમક ઓપરેશન જારી રાખ્યું છે. શસ્ત્ર અને દારુગોળાનો જથ્થો સતત મળી રહ્યો છે. થોડાક દિવસ પહેલા સુકમામાં નક્સલવાદીઓ દ્વારા છુપો હુમલો કરીને ૨૬ જવાનોને મોતને ઘાટ ઉતારી દીધા બાદથી નક્સલીઓ સામે સુરક્ષા દળો દ્વારા જુદા જુદા વિસ્તારમાં કાર્યવાહી ચાલી રહી છે. બીજી બાજુ હાલના સમયમાં નક્સલીઓ પર દબાણ વધારવામાં આવતા મોટી સંખ્યામાં નક્સલીઓએ શરણાગતિ સ્વીકારી લીધી છે. નક્સલીઓએ હથિયારો સાથે શરણાગતિ સ્વીકારી છે. ભારત સરકારે નક્સલી બળવાખોરો સામે અસરકારક કાર્યવાહી હાથ ધરીને વન્ય વિસ્તારોમાં ઓપરેશન ચલાવવામાં આવ્યું છે. આ ઓપરેશનમાં સીઆરપીએફ અને અન્ય સુરક્ષા જવાનો જોડાયા છે. છેલ્લા કેટલાક દિવસથી આ ઓપરેશન ચાલી રહ્યું છે જેના કારણે નક્સલવાદીઓમાં ખળભળાટ મચી ગયો છે. નક્સલવાદી હિંસાને મજબૂત હાથે રોકી દેવા માટે કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથસિંહ વાત કરી ચુક્યા છે.

## કપિલ મિશ્રા ભાજપના ઈશારે આગળ વધી રહ્યા છે : સંજય સિંહ

નવીદિલ્હી, તા. ૧૪

ડોનેશનના નામ ઉપર કાળા નાણાને સફેદ કરવાના આરોપ પર આમ આદમી પાર્ટીએ કહ્યું હતું કે, કપિલ મિશ્રા ભાજપની ભાષા બોલી રહ્યા છે. એવા જ આક્ષેપ મુકવામાં આવી રહ્યા છે જે અઢી વર્ષ પહેલા ભાજપ અને વડાપ્રધાન મોદીએ પોતે જ લગાવ્યા હતા. કપિલના આરોપોનો જવાબ આપતા પાર્ટીના નેતા સંજય સિંહે કહ્યું હતુ ંકે, આ સમગ્ર કાવતરું કેજરીવાલ અને એએપીને બદનામ કરીને તેમની માન્યતા રદ કરવાની છે. કપિલ મિશ્રાએ પત્રકાર પરિષદમાં બે બોગસ કંપનીઓ દ્વારા આમ આદમી પાર્ટીના નામ ઉપર ૩૫-૩૫ કરોડના ચેક દર્શાવ્યા હતા. આના જવાબમાં સંજય સિંહે ભાજપના નામ ઉપર ૭૦ કરોડનો એક ચેક દર્શાવ્યો હતો. તેમણે કહ્યું હતું કે, કપિલ દ્વારા દર્શાવવામાં આવેલા તમામ ચેક બોગસ હતા. સાથે સાથે કપિલની સાથે રહેલા નિલ નામના વ્યક્તિને ભાજપના કાર્યકર હોવાની વાત કરી હતી. સંજય સિંહે કહ્યું હતું કે, વડાપ્રધાન મોદી આ પ્રકારના આક્ષેપ અગાઈ કરી ચુક્યા છે. કોઈપણ પ્રકારની ગેરરીતિ ઝડપાઈ શકી નથી.

## કાળાં નાણાંને સફેદ કરવાનો 'આપ' પર કપિલનો આક્ષેપ

નવીદિલ્હી, તા. ૧૪



આમ આદમી પાર્ટીમાં કટોકટીનો દોર યથાવતરીતે જારી રહ્યો છે. પૂર્વ મંત્રી કપિલ મિશ્રાએ દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ પર આમ આદમી પાર્ટીની ફંડિંગ માટે કાળા નાણાનો ઉપયોગ કરવાનો આજે આક્ષેપ કર્યો હતો. એએપીની સામે અનશન કરી રહેલા કપિલ મિશ્રાએ આજે પત્રકાર પરિષદ યોજીને દાવો કર્યો હતો કે, એએપીને મળનાર ડોનેશનની માહિતી ચૂંટણી પંચ, પાર્ટીના કાર્યકરો અને સામાન્ય લોકોને આપવામાં આવી નથી. તમામથી આ માહિતી છુપાવવામાં આવી હતી. સાથે સાથે કપિલે દાવો કર્યો હતો કે, એએપીના ધારાસભ્ય શિવચરણ ગોયેલ જ કેટલીક બનાવટી કંપનીઓ મારફતે એએપીને ડોનેશન આપી રહ્યા હતા. આ અંગેની માહિતી અરવિંદ કેજરીવાલને પણ હતી. કપિલના કહેવા મુજબ એએપીને ડોનેશન કરનાર તમામ બોગસ કંપનીઓ પારસ્પરિકરીતે જોડાયેલી છે. કપિલનો દાવો છે કે, નોટબંધીના ગાળા દરમિયાન એક્સિસ બેંકની જે શાખા ઉપર દરોડા પાડવામાં આવ્યા હતા. એએપીને મળનાર તમામ ડોનેશન એજ બ્રાંચમાં હતુ. પત્રકાર પરિષદના અંતે કપિલ મિશ્રા એકાએક બેભાન થઈ ગયા હતા. કપિલની સાથે વધુ એક શખ્સ ઉપસ્થિત હતા જેમનું નામ કપિલે નિલ તરીકે આપ્યું હતું. કપિલે કહ્યું હતું કે, નિલે જ આમ આદમી પાર્ટીને મળનાર ફંડના મામલામાં તપાસ કરી છે. પ્રોજેક્ટર પર આ કૌભાંડ સાથે જોડાયેલા દસ્તાવેજ દર્શાવતા કપિલે દાવો કર્યો હતો કે, વર્ષ ૨૦૧૩-૧૪ અને વર્ષ ૨૦૧૪-૧૫માં મળનાર કરોડોના ડોનેશનની રકમ ચૂંટણી પંચ અને ઈન્કમટેક્સથી છુપાવવામાં આવી હતી. સાથેસાથે પાર્ટીની વેબસાઈટ ઉપર પણ ખોટી માહિતી આપવામાંઆવી હતી. તેમણે કહ્યું હતું કે, સતત ત્રણ વર્ષ સુધી એએપી ડોનેશનના નામ ઉપર કાળા નાણાને સફેદ કરી રહી હતી.

## ન્યુઝ ટ્રેક

### સેનાએ બે આતંકીઓને ઠાર કર્યા

કાશ્મીરના હંદવાણા જિલ્લાના વેરીપોરા વિસ્તારમાં



આતંકવાદીઓ અને સુરક્ષાબળો વચ્ચે થયેલી ગોળીબારીમાં લશ્કર-એ-તોઈબાના બે આતંકવાદીઓને સેનાએ ઠાર કરી દીધા છે.

### કોલક્તામાં બન્યું અમિતાભનું મંદિર

બોલીવુડના શહેનશાહ અમિતાભના કદથી પણ ઉંચી (છ



ફૂટ બે ઈંચ) પ્રતિમા કોલકત્તાના એક મંદિરમાં સ્થાપિત કરવામાં આવી. ફાઈબર ગ્લાસની બચ્ચનની પ્રતિમા સુબ્રતો બોસે તૈયાર કરી છે. બચ્ચન ફેન્સ એસોસીએશનના સેક્રેટરી સંજય પટોડીયાએ અમિતાભની આગામી ફિલ્મની સફળતાની પ્રાર્થના બાદ મૂર્તિની સ્થાપના કરી હતી.

### કાશ્મીરમાં પાંચ આતંકીની ધરપકડ

કાશ્મીર પોલિસે ડોડા વિસ્તારમાં શનિવાર આતંકી



સંગઠન લશ્કરે તોઈબાના એક મોડયુલનો ભાંડો ફોડતા પાંચ આતંકીની ધરપકડ કરવામાં આવી. તેમની પાસેથી કેટલાક વાંધાજનક હથિયારો પણ જપ્ત કરાયા છે.

### ઈન્દિરાજી આજ સુધી સૌથી સ્વીકાર્ય પ્રધાનમંત્રી

રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીએ જણાવ્યું હતું કે ઈન્દિરા ગાંધી વીસમી સદીની સૌથી મહત્વપૂર્ણ વ્યકિતઓમાંના એક હતા.

## યોગ દિને મોદી લખનૌમાં

લખનૌ, તા. ૧૪

કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથસિંહ અને ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે આંતરરાષ્ટ્રીય યોગ દિવસ પર ૨૧મી જૂનના દિવસે ઉત્તરપ્રદેશના પાટનગર લખનૌમાં યોજાનાર ભવ્ય કાર્યક્રમની આજે સમીક્ષા કરી હતી. આંતરરાષ્ટ્રીય યોગ દિવસના પ્રસંગે લખનૌમાં આયોજિત કાર્યક્રમમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી ઉપસ્થિત રહેવાના છે.

ઘાસ વગરનું ગાયનું છાણીયું ખાતર વ્યાજબી ભાવે મળશે
રાચરડા (ડાભલા), થોળ પાસે
સંપર્ક
મો. : ૯૪૨૬૭૦૭૭૮૬, ૯૪૨૮૭૫૨૬૩૪, ૯૭૨૬૯૪૫૫૨૦

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય





